## જન્મદિને વધામણી



કૈરવ દેસાઈ
મો. ૯૮૨૫૭ ૨૭૭૦૬



યશ્વી પટેલ
મો. ૯૯૨૪૦ ૩૯૩૯૭



ધર્મ કમલેશ બેંકર
મો. ૯૯૧૩૧ ૪૩૬૦૦



ફૈઝાનખાન એસ પઠાણ
મો. ૯૮૯૮૦ ૯૭૮૪૩

# એસ. વી. અને એસ. જી. પ્રાથમિક શાળાનો વાર્ષિકોત્સવ ઉજવાયો





ગાંધીનગર, તા. ૧૫

એસ.વી. અને એસ.જી.અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં તા-૧૫ -૨ -૨૦૧૮ના રોજ સેક્ટર-૨૩ કડી કેમ્પસમાં આવેલ ખીમજી વિશરામ હોલમાં વાર્ષિકોત્સવનું આયોજન થયું. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ બાળહદય નિષ્ણાત ડો અમિત મિશ્રા હતા તેમજ આ ઉપરાંત કેમ્પસ ડાયરેક્ટર સોમભાઈ પટેલ, કડી સર્વ વિદ્યાલયના એજ્યુકેશન ડીન વિણાબેન પટેલ, એમ.બી પટેલ સ્કૂલના આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન હતા. કાર્યક્રમનો મુખ્ય વિષય ભાઈબહેનના પ્રેમ આધારિત હતો. કાર્યક્રમનું શીર્ષક બંધન હતું. સમગ્ર કાર્યક્રમનું એન્કરિંગ શાળાના વિદ્યાર્થીઓએ કર્યું હતું. કાર્યક્રમનો આરંભ આમંત્રિત મહેમાનો દ્વારા દીપ પ્રાગટયથી થયો હતો. ત્યારબાદ આવેલ અતિથિઓનું શાલ, બૂકે તેમજ પુસ્તક દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ધોરણ ૧ થી ૮ ના બાળકોએ ભાઈ બહેનના પ્રેમ આધારિત અલગ અલગ ગીતો પર ડાન્સ અને સ્કીટ રજૂ કર્યા હતા. તદઉપરાંત ગત વર્ષે એકેડેમિક તેમજ સ્પોર્ટ્સમાં વિજેતા વિદ્યાર્થીઓને મેડલ, પ્રમાણપત્ર, ચેક આપી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.



ગેલેક્ષી ગ્લોબલ સ્કૂલ (અંગ્રેજી માધ્યમ) અને રામેશ્વર શિક્ષણ સંકુલ (ગુજરાતી માધ્યમ)ના વિદ્યાર્થીઓ દ્વારા વેલેન્ટાઈન ડેની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પોતાના જન્મદાતાનું પૂજન આ પ્રસંગે કર્યું હતું. માતાપિતાનાં ચરણોમાં પૂજન-અર્ચન કરીને માતા-પિતાના આશીર્વાદ આ વિદ્યાર્થીઓએ મેળવ્યા હતા.

'માતૃદેવો ભવ, પિતૃ દેવો ભવ'ના મંત્રોચ્ચાર સાથે આ પૂજન તેમણે કર્યું હતું. એ પછી 'ભૂલો ભલે બીજું બધું, માબાપને ભૂલશો નહીં..' ગીત પણ વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

શાળાના આચાર્ય અને સંચાલક હેમંત પંડ્યાએ શિક્ષણ સાથે સંસ્કાર આપતા આ કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું.

## ગાંધીનગર શહેરની સરકારી વિનયન કોલેજ ખાતે ૨૪,૨૫ ફેબ્રુઆરીના રોજ "ભાષા, સાહિત્ય અને રાષ્ટ્રવાદ" વિષયે આંતરરાષ્ટ્રીય પરિસંવાદ યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

સરકારી વિનયન કોલેજ, સેક્ટર -૧૫ ગાંધીનગર અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તારીખ ૨૪,૨૫ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ "ભાષા, સાહિત્ય અને રાષ્ટ્રવાદ" વિષય ઉપર બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિસંવાદનું ભવ્ય આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં સહુ સુજ્ઞ ભાવકોને પધારવા અને કાર્યક્રમને દેદીપ્યમાન કરવા સરકારી વિનયન કોલેજ, સેક્ટર -૧૫ ગાંધીનગર અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર વતી હૃદયના ભાવપૂર્વક કોલેજ પરિવાર સસ્નેહ નિમંત્રણ પાઠવીએ છીએ

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# આર જી અને એસ બી કન્યા શાળાનો એનએસએસ કેમ્પ અડાલજમાં આરંભાયો

### બંને શાળાની ૫૦ જેટલી સ્વયંસેવિકાઓ કેમ્પમાં જોડાઈ

ગાંધીનગર, તા. ૧૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગાંધીનગર શાખા શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગર અને શ્રીમતી માણેકબા કૃષિ વિદ્યાલય, અડાલજના સંયુક્ત ઉપક્રમે અડાલજ મુકામે રાષ્ટ્રીય સેવા યોજનાના કૅમ્પનું ઉદ્‌ઘાટન તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સર્વ વિદ્યાલય પરિસર, સૅક્ટર-૨૩ના કૅમ્પસ ડિરેક્ટર ડૉ. સોમભાઈ સી પટેલ, શ્રીમતી માણેકબા કૃષિ વિદ્યાલયનાં નિયામક સ્મિતાબેન દવે, સર્વ વિદ્યાલય સંચાલિત કન્યા હૉસ્ટેલનાં સુપ્રિટેન્ડન્ટ કૌશલ્યાબેન પરીખ, અડાલજ ગ્રામ પંચાયતના સરપંચ કોકિલાબેન ઠાકોર, પૂર્વ ડેપ્યુટી સરપંચ જયેશભાઈ પટેલ, અડાલજ સામુહિક આરોગ્ય કેન્દ્રના અધિક્ષક ડૉ. વિપુલભાઈ સોનેરી, અડાલજના તાલુકા સદસ્ય બચુભાઈ પાંડોર, શ્રીમતી આર જી પટેલ કન્યા શાળાનાં આચાર્ય સુધાબેન પટેલ, શ્રીમતી માણેકબા કૃષિ વિદ્યાલયનાં ઈન-ચાર્જ આચાર્ય સુરેશભાઈ પટેલ, સાયન્સ વિભાગનાં સુપરવાઈઝર ગીતાબેન પટેલ, બંને શાળાનો સ્ટાફ તથા ૫૦ જેટલી સ્વયંસેવિકાઓ ઉપસ્થિત રહી હતી.

શ્રીમતી માણેકબા કૃષિ વિદ્યાલયની વિદ્યાર્થિનીઓ દ્વારા સરસ્વતી વંદના અને સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યં હતું. ઍનઍસઍસની વિદ્યાર્થિનીઓ દ્વારા વ્યસનમુક્તિ અનો ડિજીટલ ઈન્ડિયા વિષયનાં નાટકોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર દ્વારા વર્ષ દરમિયાન કરવામાં આવેલા કાર્યક્રમોનો અહેવાલ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. અતિથિઓ દ્વારા પ્રાસંગિક પ્રવચનો કરવામાં આવ્યાં હતાં. અંતે આભારદર્શન હિરજીભાઈ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોગ્રામ ઑફિસર રમેશભાઈપ ટેલ, કરણસિંહભાઈ બિહોલા અને મોતીભાઈ રબારી દ્વારા કરવામાં આવ્યું હતું.

## વાઈબ્રન્ટ ડિજીટલ પ્રિ સ્કૂલનો વાર્ષિક મહોત્સવ ૨૫ ફેબ્રુઆરીના રોજ

ગાંધીનગર, તા. ૧૫

વાઈબ્રન્ટ ડિજીટલ પ્રિ સ્કૂલનો વાર્ષિક મહોત્સવ આગામી તા. ૨૫ ફેબ્રુઆરીના રોજ ગાંધીનગર ખાતે યોજાઈ રહ્યો છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર હૉલ, સૅક્ટર-૧૨ ખાતે સાંજે ૫થી ૭ કલાક દરમિયાન આયોજિત આ મહોત્સવના મુખ્ય અતિથિ તરીકે લેફ. કર્નલ ઈમરાન સિદીકી અને અતિથિવિશેષ તરીકે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા ઉપસ્થિત રહેશે. પ્રિ સ્કૂલનાં ભૂલકાઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ આ મહોત્સવ અંતર્ગત પ્રસ્તુત કરવામાં આવશે.

# ઝુંડાલના અનન્ય વિદ્યાલય દ્વારા વાર્ષિકોત્સવની ઉજવણી







અનન્ય વિદ્યાલય, ઝુંડાલ દ્વારા વાર્ષિકોત્સવની ઉજવણી શાનદાર રીતે કરવામાં આવી હતી. 'ઉડાન' નામે યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા ઉપસ્થિત રહ્યા હતા, જેમણે વિદ્યાર્થીઓને આશીર્વાદ અને સંસ્થાને શુભકામનાઓ પાઠવી હતી. સંસ્થાના ચેરમેન ડૉ. અતુલભાઈ પટેલ, મેનેજિંગ ટ્રસ્ટી ગીતાબેન પટેલ, અનન્ય વિદ્યાલય, કલોલના આચાર્ય, ડિરેક્ટર, કલોલ કેઆઈઆરસી કેમ્પસ કૉલેજના અધ્યાપકોએ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહી પ્રસંગોચિત ઉદ્‌બોધનો આપ્યાં હતાં. સ્કૂલના વિદ્યાર્થીઓએ વિવિધ વિષયવસ્તુ આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરીને ભરપૂર વાહવાહી પ્રાપ્ત કરી હતી. ભારતની ઝાંખી કરાવતાં કાશ્મીરી-પંજાબી ડાન્સ, સ્વચ્છતા અભિયાન અને બેટી બચાવો તેમજ માબાપનું જીવનમાં મહત્ત્વ, મા શક્તિની આરાધના કરતો નવદુર્ગા ડાન્સ પણ રજૂ થયો હતો.

## સીબીએસસી દ્વારા નવા વર્ષથી નવી મૂલ્યાંકન પદ્ધતિનો અમલ

ગાંધીનગર, તા. ૧૫

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા પોતાની મૂલ્યાંકન પદ્ધતિમાં મોટો ફેરફાર કરવાનો નિર્ણય લેવાયો છે. ધોરણ-૬થી ૮માં હાલમાં અમલમાં રહેલી મૂલ્યાંકન પદ્ધતિને CBSE બોર્ડે પરત લેવાનો નિર્ણય લીધો છે અને તેના બદલે હવે નવી મૂલ્યાંકન પદ્ધતિ ટૂંક સમયમાં જાહેર કરાશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. હાલમાં CBSE દ્વારા પોતાની અલગથી મૂલ્યાંકન પદ્ધતિ બનાવાઈ હતી પરંતુ હવે તે બદલી NCERT દ્વારા જે પદ્ધતિ બનાવવામાં આવી છે તેનો અમલ કરવામાં આવશે. જેના પગલે હવે ટૂંક સમયમાં જ ધોરણ-૬થી ૮ના વિદ્યાર્થીઓ માટે નવી મૂલ્યાંકન પદ્ધતિ અમલમાં આવશે. .

CBSE દ્વારા ધોરણ-૬થી ૮ના વિદ્યાર્થીઓ માટે સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન પદ્ધતિ (CCE) અમલમાં મુકી હતી. પરંતુ નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ દ્વારા CBSEના આ મૂલ્યાંકન પદ્ધતિ સામે વાંધો ઉઠાવાયો હતો અને આ પદ્ધતિ પરત લેવામાં આવે તેવી ભલામણ કરી હતી. કમિશન દ્વારા ઉઠાવવામાં આવેલા વાંધા બાદ CBSE બોર્ડ દ્વારા પોતાની મૂલ્યાંકન પદ્ધતિ પરત લઈ લેવામાં આવી છે. CBSE બોર્ડ દ્વારા મૂલ્યાંકન પદ્ધતિ પરત લઈ લીધી હોવા અંગે તમામ સંલગ્ન સ્કૂલોને પણ જાણ કરી દેવામાં આવી છે. બોર્ડના આ નિર્ણયથી વિદ્યાર્થીઓના સ્કૂલ બેગનું વજન ઓછું થશે અને શૈક્ષણિક ભેદભાવ પણ દૂર થશે તેમ માનવામાં આવી રહ્યું છે. CBSE બોર્ડની સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન પદ્ધતિમાં બાળકોની માર્કશીટમાં ૪૦ ટકા માર્ક ફોરમેટિવ એસેસમેન્ટના હોય છે અને ૬૦ ટકા માર્ક સમ્મિટીવ એસેસમેન્ટના હોય છે. જોકે, કમિશનના નિર્દેશ મુજબ આ પદ્ધતિ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટના ભંગ સમાન હોઈ તેને દૂર કરવામાં આવવી જોઈએ. જેના પગલે બોર્ડ દ્વારા આ પદ્ધતિ પરત લેવા અંગે સત્તાવાર જાહેરાત કરી દીધી છે. બોર્ડ દ્વારા અગાઉ જ્યારે આ પદ્ધતિ અમલમાં મૂકવામાં આવી હતી ત્યારે પરિપત્રમાં ઉલ્લેખ કરાયો હતો કે, ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાની તૈયારી શરૂ કરવા માટે બાળકોને ઉચ્ચ પ્રાથમિક એટલે કે ધોરણ-૬માં આવે ત્યારથી લઈને ધોરણ-૮ સુધી સતત સર્વગ્રાહી મૂલ્યાંકન પદ્ધતિ અમલમાં મુકી હતી. બોર્ડની સ્ટાઈલથી જ પરીક્ષા અને રિપોર્ટ કાર્ડ પણ તૈયાર કરવાનું નક્કી કરાયું હતું. જોકે, હવે સતત સર્વગ્રાહી મૂલ્યાંકન પદ્ધતિ રદ કરવામાં આવી હોવાનું જણાવાયું હતું.

# મહત્ત્વાકાંક્ષાની સીમા વાસ્તવિકતાની ભૂમિ પર ઝાંખી




જિંદગીની સફરમાં માણસ હવે ગૂંગળામણ અને મૂંઝવણો પ્રતિદિન વિશેષ અનુભવી રહ્યોછે. સમયના પરિવર્તનમાં સઘળું બદલાઈ રહ્યું છે. પરંતુ હવે બદલાવની ઝડપ અતિ ગતિશીલ થઈ ગઈ છે. ટૅકનોલૉજીનાં વિવિધ સ્વરૂપોએ આ પ્રકારનું વાતાવરણ ખડું કર્યું છે. બાળપણથી થતા ઉછેરમાં પણ નોંધપાત્ર પરિવર્તન આવ્યાં છે. એક વિશાળ પરિવાર એકઠો થાય ત્યારે પણ સંવાદનું અમૃત મોબાઈલે ચોરી લીધું હોય એવું સ્પષ્ટ દેખાય છે. સંવાદ-અભિવ્યક્તિ કે મંતવ્યની આપલે કરવાની પ્રક્રિયા જ મૂળમાંથી નબળી પડી છે. છોકરાઓની મોજ મસ્તી, રમતગમતના સ્થાને સ્માર્ટ ફોન આવી ગયો છે એટલે નાની ઉંમરથી આંખો ઉપર ધ્યાન આપવાની કે તેની કાળજી લેવાની વાત લુપ્ત થઈ રહી છે.

બીજું, મોબાઈલ ઉપર સંતાનો શું જોઈ રહ્યાં છે તેની ચિંતા પણ માતાપિતા કરતાં નથી. આકાશમાંથી રંગીન અને સંગીન મનોરંજનનો ધોધ ટૅકનોલૉજીથી ઊતરી રહ્યો છે, જે વ્યક્તિના દિલો દિમાગને વૉશ કરે છે અથવા તેની મૂળભુત ગુણવત્તાને બદલે છે. વૈચારિક પતન થયા બાદ જ એ વ્યાવહારિક યા ભૌતિક દષ્ટિએ વિનાશકારી બને છે. સમાજની કહેવાતી વિકાસયાત્રાએ બાળકોનું બાળપણ છીનવી લીધું તો યુવાવર્ગની કેળવણી પણ છીનવી લીધી છે અને નવી સદીમાં બધાંની મહત્ત્વાકાંક્ષા અતિ મોટી થઈ ગઈ છે. મહત્ત્વાકાંક્ષી હોવાનું હકારાત્મક બાબત છે કેમ કે સ્વપ્નો મોટાં જોવામાં કોઈ ખર્ચ કે પરેશાની હોતી નથી. લક્ષ્ય શા માટે નાનું રાખવું ? ઊંચી ઊડાન ભરવાની તમન્ના હશે તો જરૂર કંઈક પ્રાપ્ત થશે પરંતુ જે ચિંતાનો મુદ્દો છે તે કેટલી હદે આ મહત્ત્વાકાંક્ષાઓ હોવી જોઈએ અથવા બધાએ શું ધ્યાનમાં રાખીને પોતાનાં સ્વપ્નોને વાસ્તવિકતામાં ઉતારવા કોશિષ કરવી જોઈએ ? આ પ્રશ્ન આજના યુગના સ્ટ્રેસ લેવલ સાથે ખૂબ જ નજીકથી જોડાયેલો છે.

ઉમદા ભાવિનાં સ્વપ્નો ભલે રાખો પણ સ્વોટ એનાલિસીસ તો કરો ! સ્વયંની ક્ષમતા અને નબળાઈઓને ધ્યાનમાં લઈને જ અપેક્ષા રાખવી એ વૈયક્તિક પૃથક્કરણ કે વિશ્લેષણ કહેવાય, બાકી વધુ પડતી મહત્ત્વાકાંક્ષા રાખવાથી પુષ્કળ હાનિ થાય છે. અધૂરાં અને દિવાસ્વપ્નો લઈ દોડ્યા જ કરે છે સૌ કોઈ પરંતુ સફળતાના શિખરનું દર્શન કોઈકને જ થાય છે.

દોડી જાંઉ તો
મંઝિલ મળે તેવું ક્યાં છે ?
મૌન રહું ને
વાત મારી થઈ જાય તેવું ક્યાં છે ?

વાસ્તવિકતાની જમીન ઉપર કેટલા અંશે મહત્ત્વાકાંક્ષા રાખવી એ ચિંતન કરવાનો વિષય છે. નવા યુગમાં નવયુવકો કે યુવતિઓ વિદેશોમાં જવા અતિ ઉત્સુક થયા છે, શું કામ ? હકિકતે કાર્યની યોગ્ય તકો હવે ઘટી છે કે સ્પર્ધામાં હવે માનવશ્રમ વધુ થઈ ગયો છે કે આયોજનમાં ખામી છે ? સીતા હોય તેને રામ મળે એ સત્ય બધાં સ્વીકારે છે તો રામ બનવાની યોગ્યતા કેળવ્યા વિના એ શક્ય પણ નથી. દરેકમાં દશાનની અને દાશરથી પ્રકૃતિનાં તત્ત્વો છે જ. પછી માનવી કયા તત્ત્વને મહત્ત્વ આપે છે તે મહત્ત્વનું છે. સમયની ગતિ અનંત છે અને જીવનની લંબાઈ અનંત નથી ત્યારે ઉચિત નિર્ણયો સાથે વ્યાજબી કક્ષાની મહત્ત્વાકાંક્ષા રાખવી એ તણાવથી બચવાની દવા કે ઉપાય છે. આ હકિકત બધાને સમજાતી નથી.

નિનાદ અધ્યારુનો બહુ સરસ શેર છે :

જિંદગીને કેમ જીવવી જોઈએ ?
એ પરીક્ષામાં તો પૂછાતું નથી !

રઈશ મણિયારના ઉમદા શેરનેય સમજવા જેવો છે :

જે જોઈએ છે તે તમને મળે
એ જ આખરે
શું જોઈએ છે એની
ખબર હોવી જોઈએ

માટી છે, ચાકડો અને કુંભાર છે, પાણી અને પરિશ્રમ છે. પણ શું બનાવવું, કેટલું બનાવવું, શા માટે આ કરવું એ કામ એટલે મહત્ત્વાકાંક્ષાની સીમા નક્કી કરવાનું કામ. વધુ પડતી આશા માનવીને નિરાશ, હતાશ અને ઉદાસ કરી મૂકે છે અને જીવનનું ધ્યેય માત્ર નાણું કે કમાણી કદિ હોતાં નથી. આ બાબતને ધ્યાને લઈ આયોજન થાય તો અઘટિત પ્રસંગોની જે હારમાળા વર્તમાનપત્રોમાં દેખાય છે તે અટકી જશે.

સફળતાને સીધી રીતે તમારાં સ્વપ્નો સાથે કંઈ લેવાદેવા નથી. એ તો પરિશ્રમ અને કુશળતા સાથે વધુ સંબંધ ધરાવે છે.

અપેક્ષાઓનો અંત એ શાંતિની શરૂઆતની નિશાની છે. જમીની હકિકત ઉપર વધુ વસતી, અનૈતિકતા, દંભ, અસત્ય, સ્વાર્થ, ઘૃણા, અન્યાય, વાદ-વિવાદ, લાલચ, લોભ, દ્વેષ અને ઈર્ષા વગેરેની સાથે સ્વચ્છંદતાનો વિસ્તૃત માહોલ છે અને મહત્ત્વાકાંક્ષાની છબિ ઝાંખી થઈ જાય છે. પછેડી જેટલી જ સોડ તાણવી એ સારતત્ત્વ કહી શકાય. કારણ કે અંતે જે હાનિ થશે તે માણસના જીવનરસને દુખના દરિયામાં ડૂબાડી દેશે. સમયાંતરે દરેક માણસે પોતાની મહત્ત્વાકાંક્ષાના વર્તુળની સમીક્ષા અવશ્ય કરતાં કહેવું જોઈએ. સુખી કે દુખી કોઈ કોઈને કરી શકતું નથી. માટે આ બાબતનું ચિંતન ખૂબ જરૂરી છે.

**શેર આસ્વાદ**

અબ કહાં દુઆઓ મેં
વો બરકતેં, વો નસીહતેં,
વો હિદાયતેં
અબ તો બસ
જરૂરતોં કા જુલુસ હે
મતલબોં કે સલામ હે !

